જ્ઞાનમાં કરેલું રોકાણ હંમેશાં સૌથી વધારે વ્યાજ રળી આપે છે
- ફ્રેંકલીન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૩૮ | ૧૮ એપ્રિલ ૨૦૧૨, બુધવાર, ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

## આજે મનપાની સામાન્ય સભા

### ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીની છ જગ્યાઓ માટેની ચૂંટણી : ભાજપ સત્તાધારી પક્ષને ભીંસમાં લેવા આતુર

### બે માસ બાદ મનપાની સામાન્ય સભામાં સફાઈ અને સત્તા સોંપણી મુદ્દે ટકરાવના એંધાણ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની બે મહિના બાદ મળનારી આજની સામાન્ય સભામાં ડે. મેયરની ચૂંટણી તેમજ સ્ટેન્ડીંગ કમિટીની ખાલી પડેલી છ જગ્યાઓ પરની નિમણુંક કરવા અંગેની રાજકીય ઉત્તેજનાસભર કામગીરી ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સત્તા સોંપણી બાબતે બતાવેલી તૈયારી અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

માણસા વિધાનસભાની પેટા-ચૂંટણીને પગલે બજેટ મંજૂરી સિવાય માર્ચમાં પણ નહિ મળી શકેલી કોર્પોરેશનની બેઠક હવે એપ્રિલમાં મળી રહી છે ત્યારે વિપક્ષ ભાજપ આજની બેઠકમાં સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાની એકપણ તક જતી કરવાના મૂડમાં નથી. બન્ને પક્ષોએ તેમના કાઉન્સીલરોની બેઠક બપોરે ૧૨ ના સુમારે બોલાવી છે. જેમાં આખરી વ્યુહરચના તૈયાર કરાશે.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે બપોરે બે વાગે મહાનગરપાલિકાના સભાખંડમાં આ સામાન્ય સભા મળનાર છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયરની મુદત એક વર્ષની પૂર્ણ થતાં આજની બેઠકમાં તેમની નિમણુંક માટે ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. કોંગ્રેસ પક્ષ વર્તમાન ડે. મેયર શ્રી યુસુફભાઈ પરમારને પુનઃ મેદાનમાં ઉતારનાર છે.

આ ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીના છ નિવૃત્ત થયેલા સભ્યોને પણ પુનઃ મેદાનમાં ઉતારવાનો નિર્ણય કોંગ્રેસ પક્ષે કર્યો છે. આમ સ્ટેન્ડીંગ કમિટી અને ડે. મેયરની ચૂંટણીની ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં આવશે.

આજે મળનારી આ બેઠકમાં સરકારે પાણી અને ગટરની કામગીરી સોંપવા માટે બતાવેલી તૈયારીને લઈ મહત્વનો નિર્ણય લેવામાં આવનાર છે. કોંગ્રેસ પક્ષ સત્તા સોંપણી માટે વારંવાર રજુઆત કરતો આવ્યો હોવાથી સરકારે ક્રમશઃ સત્તા સોંપણીની તૈયારી દર્શાવી છે અને પ્રથમ તબક્કામાં પાણી અને ગટરની

● અનુસંધાન પાન-૫ પર

## આવતીકાલે ગાંધીનગર મેડીકલ કોલેજની તપાસ માટે કાઉન્સીલની ટીમ આવે છે

### ૧૫૦ બેઠકોની મંજૂરી માંગવામાં આવી છે : આ માટેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવી : ચાર સભ્યોની ટીમ દ્વારા વિવિધ પાસાઓની તપાસ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સિવિલ હોસ્પિટલમાં નિર્માણ પામી રહેલ મેડીકલ કોલેજની મંજૂરી માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ ગુરૂવાર અને શુક્રવારના રોજ આવી રહી છે. આ માટેની તૈયારીઓને આખરી ઓપ આપવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે.

મેડીકલ કોલેજ માટે ૧૫૦ બેઠકોની માંગ કરવામાં આવી છે. આ માટે સતત બીજા વર્ષે કાઉન્સીલની ટીમ તપાસ માટે આવી રહી છે. આ ટીમ ગયા વર્ષે આવી હતી પરંતુ કોલેજ કેમ્પસના નિર્માણાધીન કામગીરીને પગલે તેને મંજૂરી આપવામાં આવી ન હતી.

આગામી શૈક્ષણિક સત્રથી આ કોલેજ કાર્યાન્વીત થાય તે માટે પુનઃ અરજી કરવામાં આવી હતી. રૂ. એકસો કરોડથી પણ વધુ ખર્ચે આ કોલેજ કેમ્પસ તૈયાર કરવામાં આવી રહ્યું છે. સરકાર આ મેડીકલ કોલેજને મોડેલ કોલેજ બનાવવા આતુર છે અને તેથી જ તેણે તંત્રને કોલેજ અને હોસ્પિટલ એમ બન્ને માટે સંયુક્ત એન.એ.બી.એચ. મેળવવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવા માટે તાજેતરમાં સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમમાં ચાર સદસ્યો છે અને તેઓ ગુરૂવારે સવારે ગાંધીનગર આવી પહોંચશે. બે દિવસના ઈન્સ્પેક્શન બાદ તેઓ તેમનો અહેવાલ મેડીકલ કાઉન્સીલને આપશે અને તેને આધારે કાઉન્સીલ દ્વારા મંજૂરી મળતાં આ કોલેજ કાર્યાન્વીત થશે.

ગાંધીનગરમાં મેડીકલ કોલેજ માટે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકારે આ માટે અલગ સોસાટીની રચના કરી અને તેને સંચાલનની સંપૂર્ણ જવાબદારી સોંપી દીધી છે.

દરમ્યાન ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. એ.જે. વ્યાસનો આજે સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે મેડીકલ કાઉન્સીલ ઓફ

● અનુસંધાન પાન-૫ પર



સ્વયં શિસ્ત કે ફરજિયાતપણે કરાવવામાં આવતી કોઈ કતાર માટે આ તસવીર લેવામાં આવી છે એવું જો તમે માનતા હોવ તો એ તમારી ભૂલ છે. હકીકતે નગરજનોની, મુસાફરોની ને સફાઈ કર્મચારીઓની અશિસ્તનો આ નમૂનો છે, જેના પ્રતાપે પ્રતિબંધિત કોથળીઓ જેવો કચરો સ્વયં શિસ્તપૂર્વક ધ માર્ગના કોરાણે ગોઠવાઈ ગયો છે. અને આ સૌના પ્રતાપે આ સુંદર તસવીર સાંપડી છે. (તસવીર : દિપક જાની)



મતગણતરી - પંચાયતોની બીજા તબક્કાની ચૂંટણીઓની મતગણતરી મંગળવારે વહેલી સવારથી આરંભાઈ હતી. ગાંધીનગર તાલુકાની બે ગ્રામ પંચાયતોની મતગણતરી તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાઈ હતી. ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા અને પાલજની મતગરણતરીમાં ઉત્તેજનાના દશ્યો સર્જાયા હતા. (તસવીર : દિપક જાની)

## રાજ્યની ૧૩૦૭ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર : ભાજપ-કોંગ્રેસના દાવા

ગાંધીનગર, તા.૧૭

રાજ્યની ૧૩૦૭ ગ્રામ પંચાયતોની ચૂંટણીના આજે પરિણામો જાહેર થતાં આજે ગામડાઓમાં વિજયોત્સવનો માહોલ જોવા મળ્યો હતો.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ૧૭૦૦ થી વધુ ગ્રામપંચાયતોની ચૂંટણીઓ જાહેર કરવામાં આવી હતી જે પૈકી ૪૨૧ જેટલી ગ્રામ પંચાયતો સમરસ થતાં ૧૩૦૪ ગ્રામ પંચાયતોના સરપંચો અને સભ્યો માટેની ચૂંટણીઓ યોજાઈ હતી. આ ચૂંટણીની આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતગણતરી હાથ ધરાઈ હતી.

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં આ વખતે મતદાન માટે ઈ.વી.એમ મશીનોનો ઉપયોગ કરવામાં આવ્યો હોઈ ચૂંટણી પરિણામો ઝડપથી જાહેર થવા પામ્યા હતા. આજે હાથ ધરાયેલી મતગણતરીમાં મોટાભાગની ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામે બપોર સુધીમાં બહાર આવી ગયા હતા.

ગ્રામ પંચાયતોની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં સરપંચ અને સભ્યપદના વિજયી ઉમેદવારોના ગામોમાં વિજયી સરઘસો નીકળ્યા હતા. ટેકેદારો અને શુભેચ્છકોએ ઢોલ - નગારા વગાડીને ગુલાલ ઉડાડી વિજયની વધાવી લેતા ગામડાઓમાં આજે વિજયોત્સવનો માહોલ સર્જાયો હતો.

ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ કોઈપણ રાજકીય પક્ષોના ચીન્હ પર લડાતી ન હોઈ કઈ ગ્રામ પંચાયતોમાં કયા પક્ષના સમર્થનમાં આવી છે તે જાણી શકાય નહીં.

ગ્રામ પંચાયતોની ચૂંટણીના આજે જાહેર થયેલા ચૂંટણી પરિણામો બાદ ભાજપ અને કોંગ્રેસ બંને રાજકીય પક્ષોના આગેવાનો દ્વારા ૧૩૦૭ ગ્રામ પંચાયતો પૈકી બહુમતી ગ્રામ પંચાયતોમાં વિજય મેળવતા હોવાના દાવાઓ કરવામાં આવ્યા છે.

**જોઈએ છે**

સીરામીક ટાઈલ્સના શો-રૂમ માટે એકાઉન્ટ અને સેલ્સ માટે લેડીઝ / જેન્ટ્સ જોઈએ છે.

**સ્થળ : શ્રીરામ સીરામીક્સ**

ચાઈલ્ડ વર્લ્ડ સ્કૂલની બાજુમાં, એસ્સાર પેટ્રોલ પંપની પાછળ, શિહોલી મોટી, ચીલોડા સર્કલથી હિંમતનગર તરફ ૩ કિલોમીટર, તા. જી. ગાંધીનગર

સંપર્ક : મો. : ૯૮૨૫૩૮૭૨૨૫, ૯૮૭૯૫૨૧૦૮૮

**DTH. TV રીમોટ મળશે**

આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.

ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫ ● મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬

